

ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની બાળવાર્તા લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૮૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.તેમાં તલોદગામના આર્જવ જયેશકુમાર ચૌધરી પ્રથમક્રમે વિજેતા થતાં માતૃભાષા દિન નિમિત્તે કુલપતિશ્રી હર્ષદ શાહના વરદ હસ્તે શિલ્ડ, પ્રમાણપત્ર અને ૧૧૦૦૦ રૂપિયા પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# મેઘરજમાં હપ્તાના ભારણથી થાકેલા શાકભાજીના વેપારીઓએ શાકભાજી ભરેલી લારીઓ ઊંધી કરી

## ટ્રાફિક જમાદારના વર્તન સામે રોષ ઠાલવ્યો

મેઘરજ તા. ૨૨

મેઘરજમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક પોલીસની કામગીરીથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. રસ્તે આવતા જતાં લોકો નિયમોને નામે રીતસરના દંડાય રહ્યા છે. ત્યારે મંગળવારે બપોરે શાકભાજી વેચી જીવન નિર્વાહ કરતાં ગરીબ લોકો હપ્તાના ભારણથી થાકી જતાં શાકભાજી ભરેલી લારીઓ ઉંધી કરી રોષ ઠાલવ્યો હતો. અને રસ્તા વચ્ચે લારીઓ ઉંધી કરી દેતાં થોડીવાર માટે રસ્તો બંધ થઈ જવા પામ્યો હતો.





મેઘરજમાં છેલ્લા કેટલાય સમયથી કાયદાની એસી કી તૈસી કરી વહીવટની બૂમો વધતાં નાના શાકભાજી વેચતા વેપારીઓ પરેશાન થઈ જવા પામ્યાં છે.અને પોલીસ હપ્તા માંગતી હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. મંગળવારે બપોરના સમયે નવા બસ સ્ટેન્ડ આગળ શાકભાજીનો વેપાર કરતા વેપારીઓ પાસે પોલીસનું માંગણું વધી જતાં કેટલાક લારીવાળાઓએ શાકભાજી ભરેલી લારીઓ ઉંધી કરીને વિરોધ નોંધાવ્યો હતો. જેને પગલે થોડીવાર માટે રસ્તો બંધ થઈ જવાની સ્થિતિ સર્જાઈ હતી અને અને ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો. પોલીસે મહા મહેનતે લારીઓવાળા વેપારીઓને સમજાવી લારીઓ અને શાકભાજી લેવડાવી હતી. ઘટનાના પગલે ચોમેરથી તંત્ર સામે ફિટકાર વરસી રહ્યો હતો.

# પ્રાંતિજ ઉમાધામ ખાતે ચતુર્થ પાટોત્સવ યોજાયો

**સમાજના ભાઇ- બહેનો સહિત માઇ ભક્તો ઉપસ્થિત રહ્યાં : દર્શન કરી હવનનો લાભ લઇ ધન્યતા અનુભવી : શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ વાડી ખાતે પાટોત્સવ યોજાયો**

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર માં આવેલ શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ વાડી ખાતે ચતુર્થ પાટોત્સવ યોજાયો. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન જીઈબી પાસે આવેલ શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ ની વાડી ઉમાધામ માં બિરાજમાન રાજરાજેશ્વરી શ્રી ઉમિયા માતાજી , શ્રી અંબે માતાજી , શ્રી ગાયત્રી માતાજી , શ્રી ઉમેશ્વર મહાદેવ, શ્રી કષ્ટભંજન હનુમાનજી , શ્રી ભૈરવદાદા તથા શ્રી ગણપતિ દાદા ના મંદિર નો ચતુર્થ પાટોત્સવ યોજાયો હતો જેમાં મંદિર પરિષદ



માં નવચંડી યજ્ઞ , શ્રી ફળ હોમ સહિત ના કાર્યક્રમો યોજાયા હતાં તો ચતુર્થ પાટોત્સવ ના મુખ્ય યજમાન રસિકભાઈ પૂંજાભાઈ પટેલ હસ્તે રીતેષભાઈ (ધર્મેન્દ્રભાઈ) અમીનપુર પરિવાર દ્વારા યોજાયો હતો તો રાત્રી સમયે રાસ ગરબા નું પણ યુવક મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે તો શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ ના ભાઈ બહેનો સહિત આજુબાજુ માં રહેતાં ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને યજ્ઞ દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી તો શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# શ્રી ધાણધાર દરજી સમાજનો ૧૬મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ડીસા,તા. ૨૨

શ્રી ધાણધાર દરજી સમાજ દ્વારા ૧૬ મો સોળમો સમૂહલગ્ન તા૧૯/૨/૦૨૨ ને શનિવાર પારપડા રામદેવપીરના મંદિરે યોજવામાં આવ્યો હતો આ સમૂહલગ્ન માં બાર નવદંપતી લગ્નગ્રંથિથી જોડાયા હતા આ સમૂહલગ્ન માં દાતાઓ ભેટ સોગાદ રોકડ દાન આપવામાં આવ્યું હતું આ સમૂહલગ્ન માં દરેક કન્યા ને તાંબાના બેડા આપનારા સ્વ ચેલાભાઈ મોહનલાલ ચૌહાણ ના પરીવાર દ્વારા સમારોહ ના પ્રમુખ કમલેશભાઈ વી ચૌહાણ પાનેતર ના દાતા છનાલાલ ડી પેટી ના દાતા વિનોદભાઈ ચાવડા પીત્તળ ની ડોલ પ્રેશર કુકર ના દાતા ભીખાભાઈ ટી દરજી મુખ્ય મહેમાન તરીકે સમૂહલગ્ન માટે જગ્યા આપનારા ગં સ્વ ગંગામાં નાથુભાઈ ધરીયા પારપડા સરપંચ રમેશભાઈ નાથુભાઈ અટોસ સમગ્ર પારપડા રામદેવપીરના સભ્યો ગામજનો મોરીયા સરપંચ દિનેશભાઈ એલ કુણીયા કુષકલ સરપંચ હિતેશભાઈ એન ચૌધરી તેમજ દરજી સમાજ ના વડીલ આગેવાન સલાહકાર હાથીભાઈ વાઘેલા દેવચંદભાઈ દરજી બાબુલાલ દરજી તમામ ના માર્ગદર્શકની આયોજન થકી સમૂહલગ્ન ધામધૂમથી ઉજવવામાં



આવ્યો હતો આ સમૂહલગ્ન માં દરેક કન્યા ને પાંચ હજાર ના સટી દાતાઓ દ્વારા આપવામાં આવેલા ધાણધાર સમૂહલગ્ન સમિતિ ના પ્રમુખ અતુલભાઈ પી દરજી મંત્રી રવી પી દરજી ઉ પ્રમુખ ડાયાભાઈ એસ દરજી બાબુલાલ ડી પરમાર સહમંત્રી ગીરીશકુમાર આર દરજી ખજાનચી દિનેશચંદ્ર ડી વાઘેલા કમીટીના સભ્યો ગોવિંદભાઈ દરજી દલપતભાઈ ચૌહાણ જીતેન્દ્ર વાઘેલા નિલેશ જાદવ મહેશભાઈ ચૌહાણ ચિરાગભાઈ દરજી વિજયભાઈ દરજી ગણપતભાઈ દરજી સેવંતીલાલ દરજી સમગ્ર કારોબારી સમિતિ દ્વારા આયોજીત સમૂહલગ્ન ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો સમૂહલગ્ન ની આભારવિધિ રવી દરજી એ કરી આભાર માન્યો હતો

# ડીસા આમ આદમી પાર્ટીના જિલ્લા કાર્યલય ખાતે ગોપાલભાઈ ઈટાલીયાએ બેઠક યોજી

## આગામી વિધાનસભાની ચૂંટણીમાં અત્યારથી કામે લાગી જવા કાર્યકર્તાઓને આહવાન

ડીસા, તા. ૨૨

આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને વિવિધ રાજકીય પક્ષો ચૂટણી જીતવા માટે ચૂંટણી ચક્રવ્યૂહ અને જંગી લીડ સાથે શાસન ધૂરા સંભાળવા માટે ?સમીક્ષા બેઠકો અને અન્ય રાજકીય ?કાર્યક્રમો શરૂ કર્યા છે ત્યારે આજે વિધાનસભા ચૂંટણી ચક્રવ્યૂહ અને સમીક્ષા બેઠક માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ગોપાલભાઈ ઈટાલીયા બનાસકાંઠાના વેપારી મથક તરીકે ઓળખાતા ડીસા શહેરમાં આપ પાર્ટીના તમામ નાના મોટા પદાધિકારીઓની સમીક્ષા બેઠક સંબોધવા હવાઈ પિલર સામે આવેલા જિલ્લા કાર્યાલય ખાતે મુલાકાતે આવ્યા હતા

જેમાં આપ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ગોપાલભાઈ ઈટાલીયા સમીક્ષા બેઠક બોલાવવામાં આવી હતી જેમાં વિવિધ રાજકીય મુદ્દાઓ ઉપર આવે સામાન્ય જનતા સહિત ખેડૂતોના કલ્યાણ





અર્થે તેમજ ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી સાથે સાથે લાંચ રૂશ્વત લેનાર સામે કાર્યવાહી કરવા તથા સામાન્ય જનતાને સરકારની સહાય કારી યોજનાઓનો લાભ મહત્તમ મળી રહે તે માટે આપ પાર્ટીના તમામ નાના મોટા પદાધિકારીઓની ખડે પગે રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ સીટો પર આપ પાર્ટી જંગી લીડ સાથે વિજયી બને તે માટેની વ્યૂહરચના અંગે પણ બનાસકાંઠા જિલ્લાના આપ પાર્ટીના તમામ નાના મોટા પદાધિકારીઓને પ્રદેશ અધ્યક્ષ ગોપાલભાઈ ઈટાલીયા દ્વારા જરૂરી ચૂંટણી ચક્રવ્યૂહ અંગે માહિતી આપવામાં આવી હતી ઉપરાંત વિરોધપક્ષના મજબુત કરવા માટે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી, પ્રદેશ સંગઠન મંત્રી રમેશભાઈ નાભાણી એડવોકેટ, નગરપાલિકાના આપ પાર્ટીના નગરસેવક વિજય ભાઈ દવે?, શહેર પ્રમુખ સુભાષભાઈ ઠક્કર મિડિયા સેલ હરેશભાઈ ઠક્કર સહિત અન્ય નામી અનામી હોદેદારો કાર્યકરો સાથે સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા..

# ધનસુરામાં બે જૂથો વચ્ચે અથડામણ થતાં સામ સામે ફરિયાદ નોંધાવી

ધનસુરા, તા. ૨૨

ધનસુરા નગરમાં બે જૂથો વચ્ચે અથડામણ થતાં સામ સામે ફરિયાદ નોંધાઈ હતી જેમાં ભીખાભાઈ મણીભાઈ ખાં ટ ધનસુરાના એ ફરિયાદ કરી હતી કે આ કામના આરોપીઓ અગાઉ થયેલા ઝઘડાની અંગત અદાવત રાખી હાથ માં ધારિયા પથ્થર જેવા ઘાતક હથિયારો લઈ આ તમામ આરોપીઓ પૈકી એક આરોપીએ પોતાના હાથમાં ધારિયા વડે ફરિયાદીના સાહે દ સુમિત્રાબેન કપાળના ભાગે ઈજા પહોંચાડી હતી તથા એક આરોપીએ છુટા પથ્થરો ફેકી તથા અન્ય બે આરોપીઓને ફરિયાદીના સાહેબ સાથે ખેંચતાણ કરી હતી અને તમામ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તે બદલ ભીખાભાઈ એ દસ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી તેમને સોમાભાઈ સનાભાઈ રવિ કુમાર પરમાર કાજલબેન ખાંટ વિક્રમ કુમાર અનિલ કુમાર ખાંટ લાલાભાઈ ઉર્ફે મંગળ ભાઈ વિપુલભાઈ ખાંટ ભાવેશકુમાર સથવારા અંજુબેન ખાંટ અને નયનાબેન ખાંટ તમામ રહેવાસી ધનસુરાના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી તો સામા પક્ષે વિપુલકુમાર ફરિયાદ નોંધાવી હતી કે આરોપીઓએ અગાઉ ભાવેશકુમાર સથવારા સાથે થયેલ તકરારની અદાવત રાખી સાહે દ નયનાબેન અને અંજુ બેન ને માર મારતાં વિપુલકુમાર વિઠ્ઠલભાઈ ખાં ટે ૧૫ શખ્સો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી

# અરવલ્લી ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાના કલા-મહાકુંભમાં ૫૨૦ લોકો ભાગીદાર બન્યા

## જિલ્લાકક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં ૨૫૦ પ્રતિયોગીઓ સામેલ થયા

બાયડ તા.૨૨

સમગ્ર રાજ્યમાં આઝદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિધ કાર્યક્રમો યોજાય રહ્યો છે જે અંતર્ગત રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ ઉપક્રમે અરવલ્લીના મોડાસા ખાતે જિલ્લા કલેકટરશ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીનાના હસ્તે કલા મહાકુંભ અને બાળ પ્રતિભા શોધ સ્પર્ધાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા આયોજીત દ્રી-દિવસીય સ્પર્ધાઓને મોડાસાની કે.એન.શાહ હાઈસ્કુલ ખાતે થી શરૂ કરાઈ હતી જેમાં જિલ્લાકક્ષાના કલા મહાકુંભમાં અલગ-અલગ વય જૂથના ૫૨૦થી વધુ લોકો સ્પર્ધામાં જોડાયા હતા.

જયારે બાળકોમાં રહેલા હુન્નરને ઉમદા તક મળી શકે તે માટે બાળ પ્રતિભા સ્પર્ધાની શરૂઆત થઈ છે.જેમાં ૭થી૧૩ વર્ષની વયના ૨૫૦ થી વધુ બાળકો સ્પર્ધામાં સામેલ થયા હતા. જેમાં બાળકો દ્વારા સાહિત્ય,કલા અને સાંસ્કૃતિક વિભાગની અલગ અલગ ૧૧ જેટલી કૃતિઓની સ્પર્ધાઓનું





આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લોકનુંત્ય, સમૂહગીત, વક્તુત્વ, લોકવાર્તા,દોહા-છંદ-ચોપાઈ, નિબંધ લેખન, સર્જનાતક કામગીરી, એકપત્રીય અભિનય, લગ્નગીત, લોકગીત અને ભજન જેવી કૃતિઓ રજૂકરવામાં આવી હતી.

આ પ્રસગે પ્રાસંગિક પ્રવચન કરતા જિલ્લા કલેકટરશ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે રમતવીરોના કૌશલ્યનો ઉજાગર થાય તે માટે ખેલ મહાકુંભનો પ્રારંભ થયો હતો. જે શ્રુંખલાને યથાવત રાખતા આજે મોટી સંખ્યામાં રમતવીરો અને કલાકારો જોડાઈ રહ્યા છે. તેની સાથે બાળકોને બાળપણથી જ કલા અને રમતમાં રૂચી પેદા થાય તેવા રાજ્ય સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

આ કાર્યક્રમમાં દશરથભાઈ નિનામા, જે.એસ.ડામોર, શ્રીમતી હર્ષાબેન ઠાકોર જિલ્લા રમત-ગમત અધિકારી,અરવલ્લી, શ્રી રાકેશભાઈ ચૌધરી, ડૉ.રાકેશભાઈ મહેતા આચાર્યશ્રી, સર્વોદય હાઈસ્કુલ,શ્રી મનીષકુમાર જોષી આચાર્યશ્રી, કે.એન.શાહ મોડાસા હાઈસ્કુલ, મોડાસા કેળવણી મંડળના સૌ પદાધિકારીશ્રી,કટલરી કરીયાણા સહકારી શરાફી મંડળીના સૌ પદાધિકારીશ્રી, જિલ્લાની વિવિધ સ્કૂલોમાંથી આવેલા સ્પર્ધકો,શિક્ષક મિત્રો, નિર્ણાયકશ્રીઓની ઉપસ્થિતિમાં રહ્યા હતા.

# વડગામ તાલુકાના જલોત્રા જિલ્લા પંચાયત સીટ ખાતે કોંગ્રેસ પાર્ટી દ્વારા ડિજિટલ સભ્ય નોંધણીનો કાર્યક્રમ યોજાયો



પાલનપુર તા.૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના પ્રમુખ શ્રી જગદીશ ભાઈ ઠાકોર ના આદેશ અનુસાર બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ ના પ્રમુખ દિનેશભાઈ ગઢવી ના અધ્યક્ષ સ્થાને વડગામ તાલુકા ના જલોત્રા જિલ્લા પંચાયત સીટ ના ગામોમાં વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ દેવુ સિહ ડાભી તેમજ જલોત્રા જિલ્લા સીટ ના સદસ્ય શ્રીમતી લક્ષ્મીબેન કરણ ની ઉપ સ્થિત માં જલોત્રા સીટ ના મુમનવાસ, હતાવાડા, વણસોલ ઈસ્લામપુરા અને જલોત્રા જિલ્લા સીટ ના અન્ય ગામોમાં વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ ના આગેવાન શ્રી ઓ ભિખુભાઈ બિહારી,, વડગામ તાલુકા પંચાયત ના પૂર્વ ઉપ પ્રમુખ બધાજી ઠાકોર,, નવિનસિહ.રાજપુત,, સતીષભાઈ વણસોલા,, ફતાભાઈ કરણ,, મહોબતસિહ રાજપુત,, અશરફભાઈ માકણોજીયા વડગામ તાલુકા પંચાયત ડેલીગેટ શ્રી રતિલાલ ચૌહાણ,,જાકીર પઠાણ અને વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ ના મહામંત્રી ઉસ્માન ભાઈ મનસુરી તેમજ અન્ય આગેવાન શ્રી કાર્યકરો અને જિલ્લા સયોજકો તેમજ જલોત્રા સીટ ના તાલુકા સયોજકો હાજર રહી ને ડિજિટલ સભ્ય નોંધણી કરવામાં આવી હતી. તેમ અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે.

# જન્મદિને વધામણી



જયવીર વિશાલકુમાર દરજી બાયડ



હર્ષાબેન ઠાકોર જિલ્લા રમતગમત અધિકારી ,અરવલ્લી મોડાસા જિલ્લો અરવલ્લી



યસ હરેશભાઇ પટેલ ધનસુરા જીલ્લો અરવલ્લી



ડો. કૌશલભાઇ પટેલ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, અરવલ્લી સાયરા તા મોડાસા



ડો.વત્સલ એ.પટેલ શિકા તા.ધનસુરા

# નાયક સમાજનું ગૌરવ





સરડોઈ,તા.૨૨

હિંમતનગર ની મમતા હોસ્પિટલ ના ગાયનેક તબીબ ડો.અશ્વિન ભાઈ નાયક અને જાગુ બેન નાયક ની પુત્રી પ્રેક્ષા નાયકે એમ.બી.બી. એસ પ્રથમ વર્ષમાં ફિલિપાઈન્સ મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવી સમાજનું ગૌરવ વધારતાં નાયક સમાજમાં આનંદ છવાયો છે.ડોકટર પરિવારની આ બીજી દીકરી નું તબીબ બનવાનું સ્વપ્ન સાકાર થતાં ડો.અતુલ ભાઈ નાયક ( કિલ્લોલ હોસ્પિટલ ), ડો.જગદીશ ભાઈ નાયક( પ્રગતિ સર્જીકલ હોસ્પિટલ) અને ડો.સોહમ નાયક ( મોયદ )ડો.વિજય ભાઈ નાયક ( ગાંધીનગર) સહિત અસાઈત નાયક સમાજ યુવા સંગઠન ના કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા છે.